Friday
19.06.2026
*Volume :10 * Issue No.343
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત   વંદે માતરમ્   RNI No.:GUJGUJ/2016/73451

# કમલમ્

KAMALAM   ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક   Daily

*Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-




# કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે રાષ્ટ્રીય સાયબર ક્રાઈમ હેલ્પલાઈન ૧૯૩૦ની સમીક્ષા કરી અને તેને વધુ સારી બનાવવા નિર્દેશ આપ્યો

**કેન્દ્રીય ગૃહ મંત્રીએ નાગરિકોને સાયબર ગુનાઓ, ખાસ કરીને સાયબર નાણાકીય છેતરપિંડીથી તાત્કાલિક રાહત આપવા માટે સ્થાપિત વિવિધ નાગરિક-કેન્દ્રીય વ્યવસ્થાઓની પણ સમીક્ષા કરી**

**AI સહિતની અદ્યતન ટેકનોલોજીના ઉપયોગ સાથે ૧૯૩૦ હેલ્પલાઇન સિસ્ટમનું વ્યાપક આધુનિકીકરણ કરવામાં આવશે**

**મોદી સરકાર સુરક્ષિત, ટેકનોલોજી-આધારિત અને નાગરિક-કેન્દ્રીય સાયબર ક્રાઇમ નિવારણ અને પ્રતિભાવ વ્યવસ્થા બનાવવા માટે પ્રતિબદ્ધ છે**

**કેન્દ્રીય ગૃહ મંત્રીએ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૧૯૩૦ કોલ સેન્ટરોને ટેકનોલોજી અને ઇન્ફ્રાસ્ટ્રક્ચરની દ્રષ્ટિએ વધુ મજબૂત કરવા નિર્દેશ આપ્યો**



**CFCFRMS હેઠળ વિકસાવવામાં આવેલા મની રિસ્ટોરેશન મોડ્યુલ (MRM) અને ગ્રીવન્સ રિડ્રેસલ મોડ્યુલ (GRM) ની નિયમિત સમીક્ષા માટે નિર્દેશો જારી કરાયા**

**મની રિસ્ટોરેશન અને ગ્રીવન્સ રિડ્રેસલ મિકેનિઝમથી અત્યાર સુધીમાં અંદાજે એક લાખ નાગરિકો લાભાન્વિત થયા છે**

**સાયબર ગુનાઓમાં વપરાતા મ્યુલ બેંક ખાતાઓ (mule bank accounts) ને અસરકારક રીતે અટકાવવા માટે મજબૂત પગલાં લેવા પર ભાર મૂકવામાં આવ્યો**

## સિટિઝન ફાઇનાન્સિયલ સાયબર ફ્રોડ રિપોર્ટિંગ એન્ડ મેનેજમેન્ટ સિસ્ટમ (CFCFRMS)ની કામગીરીની પણ સમીક્ષા કરવામાં આવી

કમલમ્,

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે નવી દિલ્હીમાં એક ઉચ્ચ સ્તરીય બેઠકમાં રાષ્ટ્રીય સાયબર ક્રાઈમ હેલ્પલાઈન ૧૯૩૦ની સમીક્ષા કરી હતી અને અધિકારીઓને આ સિસ્ટમને વધુ બહેતર બનાવવાના નિર્દેશ આપ્યા હતા. આ બેઠકમાં નાગરિકોને સાયબર ગુનાઓ, ખાસ કરીને સાયબર નાણાકીય છેતરપિંડીથી તાત્કાલિક રાહત આપવા માટે સ્થાપિત વિવિધ નાગરિક-કેન્દ્રીય વ્યવસ્થાઓની પણ સમીક્ષા કરવામાં આવી હતી. કેન્દ્રીય ગૃહ મંત્રીએ જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય સાયબર ક્રાઈમ હેલ્પલાઈન ૧૯૩૦ નાગરિકોને સાયબર ગુનાઓ, ખાસ કરીને નાણાકીય સાયબર છેતરપિંડી સંબંધિત ફરિયાદો સરળ અને ઝડપી રીતે નોંધાવવા માટે એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ તરીકે ઉભરી આવ્યું છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે હેલ્પલાઈન દ્વારા મદદ માંગતા દરેક નાગરિકને સમયસર સહાય મળવી જોઈએ અને કોઈ પણ ફરિયાદ વણઉકેલાયેલી કે પેન્ડિંગ ન રહેવી જોઈએ. શ્રી અમિત શાહે નિર્દેશ આપ્યો હતો કે, ૧૯૩૦ હેલ્પલાઈન સિસ્ટમની કાર્યક્ષમતા, પ્રતિભાવ ક્ષમતા અને સેવા વિતરણમાં વધુ સુધારો કરવા માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) સહિતની અદ્યતન ટેકનોલોજી અપનાવીને તેનું વ્યાપક આધુનિકીકરણ અને અપગ્રેડેશન કરવામાં આવે. તેમણે કહ્યું કે અપગ્રેડ કરેલી સિસ્ટમ ઝડપી ફરિયાદ નોંધણી, ઈન્ટેલિજન્ટ કોલ રાઉટિંગ અને નાગરિકોની ફરિયાદોના અસરકારક નિવારણની સુવિધા આપનારી હોવી જોઈએ. કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીએ જણાવ્યું હતું કે મોદી સરકાર સુરક્ષિત, ટેકનોલોજી-આધારિત અને નાગરિક-કેન્દ્રીય સાયબર ક્રાઈમ નિવારણ અને પ્રતિભાવ વ્યવસ્થા બનાવવા માટે પ્રતિબદ્ધ છે. તેમણે નિર્દેશ આપ્યો કે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં કાર્યરત ૧૯૩૦ કોલ સેન્ટરોને ટેકનોલોજી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરની દ્રષ્ટિએ વધુ મજબૂત બનાવવામાં આવે. ગૃહ મંત્રાલય હાર્ડવેર અને ટેકનોલોજીકલ અપગ્રેડેશન માટે જરૂરી સહયોગ પૂરો પાડશે, જ્યારે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને વિનંતી કરવામાં આવશે કે તેઓ ફરિયાદોના સમયસર નિકાલ માટે આ કેન્દ્રો પર પૂરતા પ્રમાણમાં માનવબળ (મેનપાવર) સુનિશ્ચિત કરે. શ્રી અમિત શાહે તમામ રાજ્ય સ્તરના ૧૯૩૦ કોલ સેન્ટરોને મજબૂત ઈન્ટરેક્ટિવ વોઈસ રિસ્પોન્સ (IVR) સિસ્ટમ સાથે અપગ્રેડ કરવા માટે પણ નિર્દેશ આપ્યો હતો જેથી કાર્યક્ષમ કોલ મેનેજમેન્ટ અને યોગ્ય સ્તરે કોલનું અવિરત ફોરવર્ડિંગ સુનિશ્ચિત કરી શકાય. રાષ્ટ્રીય સાયબર ક્રાઈમ પ્રતિભાવ વ્યવસ્થાને વધુ મજબૂત કરવાના ઉદ્દેશ્ય સાથે, શ્રી અમિત શાહે પૂરતા માનવબળ અને કોલ હેન્ડલિંગ ક્ષમતાથી સજ્જ રાષ્ટ્રીય સ્તરના ૧૯૩૦ કોલ સેન્ટરની સ્થાપના કરવાનો નિર્દેશ આપ્યો હતો. આ રાષ્ટ્રીય કોલ સેન્ટર એવા કોલ્સ સંભાળશે જે રાજ્ય સ્તરે વણઉત્તર્યા (unanswered) રહી જાય છે અને એ સુનિશ્ચિત કરશે કે દરેક પીડિતને સમયસર સહાય મળે અને ફરિયાદોની ઝડપી નોંધણી થાય. બેઠકમાં સિટિઝન ફાઈનાન્સિયલ સાયબર ફ્રોડ રિપોર્ટિંગ એન્ડ મેનેજમેન્ટ સિસ્ટમ (CFCFRMS) ની કામગીરીની પણ સમીક્ષા કરવામાં આવી હતી, જે સાયબર નાણાકીય છેતરપિંડી સામે લડવા માટે ગૃહ મંત્રાલયની એક મહત્વપૂર્ણ પહેલ છે. આ સિસ્ટમ બેંકિંગ નેટવર્ક દ્વારા છેતરપિંડીવાળા નાણાકીય વ્યવહારોને તાત્કાલિક બ્લોક કરવામાં મદદ કરે છે, જેથી પીડિતોના નાણાં સુરક્ષિત રાખવાની અને પરત મેળવવાની શક્યતા વધી જાય છે. કેન્દ્રીય ગૃહ મંત્રીએ જણાવ્યું હતું કે, ગૃહ મંત્રાલયે સાયબર નાણાકીય છેતરપિંડીના કેસોના ઝડપી નિવારણ માટે જાન્યુઆરી ૨૦૨૬ માં સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOP) જારી કરી હતી. આ SOP બેંકો, નાણાકીય સંસ્થાઓ, કાયદા અમલીકરણ એજન્સીઓ અને અન્ય હિસ્સેદારો વચ્ચે સંકલિત કામગીરી સુનિશ્ચિત કરે છે જેથી બેંકિંગ સિસ્ટમમાં બ્લોક કરાયેલા નાણાં પીડિત નાગરિકોને વહેલામાં વહેલી તકે પરત કરી શકાય. સુપ્રીમ કોર્ટે પણ તમામ હાઈ કોર્ટોને આ SOPનું અમલીકરણ સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો છે. સમીક્ષા બેઠક દરમિયાન, શ્રી અમિત શાહે CFCFRMS હેઠળ વિકસાવવામાં આવેલા મની રિસ્ટોરેશન મોડ્યુલ (MRM) અને ગ્રીવન્સ રિડ્રેસલ મોડ્યુલ (GRM) ની નિયમિત સમીક્ષા કરવા નિર્દેશ આપ્યો હતો. તેમણે કહ્યું કે ફરિયાદોના સમયસર નિવારણ અને પીડિતોને નાણાં ઝડપથી પરત મળે તે સુનિશ્ચિત કરવા માટે રાજ્ય સ્તરે આ મોડ્યુલોના અસરકારક અમલીકરણનું નિયમિત મોનિટરિંગ પણ થવું જોઈએ. શ્રી શાહે જણાવ્યું હતું કે બિનજરૂરી રીતે ફ્રીઝ કરાયેલા બેંક ખાતાઓ ધરાવતા કેસોમાં ઝડપી કાર્યવાહી થવી જોઈએ અને આવી બાબતોમાં જવાબદારી નક્કી થવી જોઈએ. અત્યાર સુધીમાં, આશરે એક લાખ નાગરિકો મની રિસ્ટોરેશન અને ગ્રીવન્સ રિડ્રેસલ મિકેનિઝમથી લાભાન્વિત થયા છે. અધિકારીઓએ કેન્દ્રીય ગૃહ મંત્રીને માહિતગાર કર્યા હતા કે SOP હેઠળ, અત્યાર સુધીમાં અંદાજે ૯૪ લાખ બેંક ખાતાઓ, જેમાંથી નાણાં સંભવિત રીતે પરત મેળવી શકાય તેમ છે, તેને મની રિસ્ટોરેશન અને ગ્રીવન્સ રિડ્રેસલ ફ્રેમવર્ક હેઠળ અપલોડ કરવામાં આવ્યા છે. કેન્દ્રીય ગૃહ મંત્રીએ નાણાકીય છેતરપિંડીમાં સાયબર ગુનેગારો દ્વારા ઉપયોગમાં લેવાતા મ્યુલ બેંક ખાતાઓના મુદ્દાને ઉકેલવા માટે વધુ અસરકારક પગલાં લેવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે ગૃહ મંત્રાલય હેઠળના ઈન્ડિયન સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટર (I4C), રાજ્ય સરકારો, કાયદા અમલીકરણ એજન્સીઓ, બેંકો અને નાણાકીય સંસ્થાઓના સંકલિત પ્રયાસો દ્વારા, અમે સાયબર ગુનાના પીડિતોને ઝડપી અને અસરકારક સહાય સુનિશ્ચિત કરવાની સાથે અમારા સાયબર સુરક્ષા માળખાને વધુ મજબૂત બનાવીશું.

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં વિકસિત ગુજરાત ૨૦૪૭ વિઝનને સિદ્ધ કરવાની દિશામાં રાજ્ય સરકારનું મહત્વપૂર્ણ કદમ

**રાજ્યના વિવિધ માળખાકીય વિકાસ પ્રોજેક્ટ માટે HUDCO રૂ. ૧ લાખ કરોડનું લૉંગટર્મ ફાઈનાન્સીંગ કરશે**



- **મુખ્યમંત્રીશ્રીની પ્રેરક ઉપસ્થિતિમાં રાજ્ય સરકાર અને ઉૅઁૈંર્ઝ વચ્ચે એમ.ઓ.યુ. સંપન્ન**
- **વિવિધ પ્રોજેક્ટ્સના અસરકારક અમલીકરણ માટે પ્રિ-ફિઝિબિલિટી સ્ટડી અને વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ્સ માટેૈંૈંસ્ અમદાવાદ અને રાજ્ય સરકાર વચ્ચે એમ.ઓ.યુ.**
- **એક્સપ્રેસવે-સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ધોલેરામાં આધુનિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર તથા અમદાવાદ મેટ્રો ફેઝ-૨ અને ૩ જેવા ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ પ્રોજેક્ટ્સનો સમાવેશ.**

કમલમ્,

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા વિકસિત ભારત ૨૦૪૭માં વિકસિત ગુજરાત ૨૦૪૭થી અગ્રેસર રહેવાના વિઝનને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં સિદ્ધ કરવાની દિશામાં ગુજરાતે મહત્વપૂર્ણ કદમ ભર્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની વિશેષ ઉપસ્થિતિમાં ગુજરાત સરકાર અને હાઉસિંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ HUDCO વચ્ચે સ્ટ્રેટેજીક પાર્ટનરશીપથી રાજ્યના વિવિધ માળખાકીય વિકાસ પ્રોજેક્ટ્સ માટે ૧ લાખ કરોડ રૂપિયાના લૉંગટર્મ ફાઈનાન્સીંગ માટેના એમ.ઓ.યુ. ગાંધીનગરમાં કરવામાં આવ્યા હતા. નાણાં મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ અને રાજ્ય મંત્રી શ્રી કમલેશભાઈ પટેલ આ વેળાએ ઉપસ્થિત રહ્યા હતા. રાજ્ય સરકારના જુદા જુદા વિભાગો દ્વારા અમલમાં મૂકવામાં આવતા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ માટે પર્યાપ્ત ભંડોળ અંગે મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસ અને HUDCOના વરિષ્ઠ અધિકારીઓની તાજેતરમાં યોજાયેલી ઉચ્ચસ્તરીય બેઠકની ફલશ્રુતિ રૂપે HUDCO લાંબા ગાળા માટે આ રૂ. ૧ લાખ કરોડનું ભંડોળ પૂરું પાડશે. આ ભંડોળમાંથી ગુજરાત મેટ્રો રેલના ફેઝ-૨ અને ૩, એક્સપ્રેસ-વે, સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ધોલેરા ખાતે આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર જેવા વિકાસલક્ષી પ્રોજેક્ટ્સના કામોના સમાવેશ કરાશે. આ ઉપરાંત રાજ્ય સરકારે અન્ય એક એમ.ઓ.યુ. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ IIM અમદાવાદ સાથે પણ કર્યો છે. આ એમ.ઓ.યુ. અનુસાર, વિકસિત ગુજરાત ૨૦૪૭ના વિવિધ પ્રોજેક્ટ્સના અસરકારક અમલીકરણ માટે પ્રિ-ફિઝિબિલિટી સ્ટડી, ફિઝિબિલિટી સ્ટડી તેમજ વિગતવાર પ્રોજેક્ટ્સ અહેવાલ અને ઈમ્પેક્ટ એસેસમેન્ટ IIM હાથ ધરશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ ઐતિહાસિક ભાગીદારીથી રાજ્યના માળખાકીય વિકાસ, શહેરી પુનઃનિર્માણ અને સર્વાંગી આર્થિક વિકાસને વધુ વેગ મળશે તેવી અપેક્ષા વ્યક્ત કરી હતી. રાજ્ય સરકાર અને HUDCO વચ્ચે થયેલા આ એમ.ઓ.યુ. પર HUDCO વતી ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી સંજય કુલશ્રેષ્ઠએ તથા રાજ્ય સરકાર વતી નાણાં વિભાગના આર્થિક બાબતોના સચિવ શ્રી સંદીપ કુમારે હસ્તાક્ષર કરીને એમ.ઓ.યુ.ની પરસ્પર આપ-લે કરી હતી. IIM સાથેના એમ.ઓ.યુ. પર IIM અમદાવાદના પબ્લિક સિસ્ટમ ગ્રુપ ચેરપર્સન પ્રો.સંદીપ ચક્રવર્તીએ હસ્તાક્ષર કર્યા હતા. આ એમ.ઓ.યુ. સાઈનિંગ સેરીમનીમાં મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસ, મુખ્યમંત્રીશ્રીના સલાહકાર શ્રી એસ.એસ. રાઠૌર, નાણાંવિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી ટી. નટરાજન, મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવ શ્રી સંજીવ કુમાર, મુખ્યમંત્રીના અધિક અગ્ર સચિવ શ્રી ડૉ. વિક્રાંત પાંડે, સચિવ શ્રી ડૉ. અજય કુમાર અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# APMC કર્મચારીઓને બોનસ અને રહેમ ભથ્થાંની ચૂકવણી માટે અપાઈ મંજૂરી: સહકાર મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી

**બજારના નિયમોનુસાર ૪૦ ટકા મહેકમ ખર્ચની મર્યાદા ધરાવતી તમામ APMC કર્મચારીઓને બોનસ ચૂકવી શકશે**

**રાજ્યની 224 APMCના ૩,૦૦૦થી વધુ કર્મયોગીઓ થશે લાભાન્વિત**



**રાજ્યના APMC કર્મચારીઓના હિતાર્થે રાજ્ય સરકારનો સંવેદનશીલ નિર્ણય**

કમલમ્,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્યની ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓ (APMC)ના કર્મચારીઓના વ્યાપક હિતમાં કૃષિ અને સહકાર મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ એક અત્યંત સંવેદનશીલ નિર્ણય લીધો છે. જેની જાહેરાત કરતાં મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, હવેથી APMCના કર્મચારીઓને નિયત શરતોને આધીન બોનસ અને રહેમ ભથ્થાં ચૂકવવાની સત્તાવાર મંજૂરી આપવામાં આવી છે. મંત્રીશ્રીએ આ અંગે વિસ્તૃત વિગતો આપતા ઉમેર્યું હતું કે, જે APMCનો કુલ મહેકમ ખર્ચ 'બજારના નિયમો' મુજબ ૪૦ ટકાની મર્યાદામાં રહેતો હશે, તેવી તમામ APMC નાણાકીય શિસ્તને ધ્યાને રાખીને પોતાના કર્મચારીઓને મહત્તમ બે પગાર સુધીનું બોનસ અથવા રહેમ ભથ્થું ચૂકવી શકશે. આ નિર્ણયથી રાજ્યની 224 APMCના આશરે ૩,૦૦૦થી વધુ કર્મચારીઓને સીધો લાભ મળશે. સહકાર મંત્રીશ્રીએ જણાવ્યું કે, APMCના સુદ્રઢ વહીવટી અને નાણાકીય હિતોની રક્ષા સાથે તેના કર્મયોગીઓનું કલ્યાણ કરવું એ પણ રાજ્ય સરકારની પ્રાથમિકતા રહી છે. ગુજરાત રાજ્ય બજાર સમિતિ કર્મચારી સંઘ-ગાંધીનગર દ્વારા કરાયેલી રજૂઆતો સંદર્ભે મુખ્યમંત્રીશ્રી સાથે કરેલી ઉચ્ચ સ્તરીય વિચારણા બાદ આ મંજૂરી આપવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, બજાર ફંડના સદુપયોગ અને ભથ્થાંની ચૂકવણી અંગે રાજ્ય સરકારે કેટલીક મર્યાદાઓ નિર્ધારિત કરી છે. પરંતુ, કર્મચારીઓના હિતોને ધ્યાને રાખીને, વચગાળાનો સકારાત્મક મધ્યમ માર્ગ અપનાવીને બોનસ ચૂકવવાની કાયદેસરની છૂટછાટ આપી છે; જ્યારે બોનસ સિવાયની અન્ય વહીવટી શરતો અગાઉ મુજબ યથાવત રાખવામાં આવી છે. રાજ્ય સરકારના આ નિર્ણયને પગલે APMCના કર્મચારીઓમાં ભારે હર્ષોલ્લાસ અને ઉત્સાહની હેલી વ્યાપી ગઈ છે. આ કલ્યાણકારી નિર્ણયને સહર્ષ આવકારતાં કર્મચારી સંઘના હોદ્દેદારોએ રાજ્ય સરકારનો હૃદયપૂર્વક આભાર પ્રગટ કરી કૃતજ્ઞતા વ્યક્ત કરી છે.

## તંત્રી સ્થાનેથી......

વિકસિત ભારત સંકલ્પ સંમેલન'અંતર્ગત આગામી ૧૯ જૂનથી ૨૧ જૂન ૨૦૨૬ દરમિયાન 'સંસ્કૃતિ કુંજ' ખાતે ભવ્ય પ્રદર્શન અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. ગાંધીનગરના સરિતા ઉદ્યાન પાસે આવેલા 'સંસ્કૃતિ કુંજ' પરીસરમાં સાંજે ૬ થી રાત્રે ૧૦ વાગ્યા સુધી ત્રિ-દિવસીય મહોત્સવમાં રાષ્ટ્રના વિકાસની ઝાંખી સાથે સંસ્કૃતિનો અનોખો સંગમ જોવા મળશે. આ મહોત્સવનું મુખ્ય આકર્ષણ દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળના ૧૨ વર્ષના અવિરત વિકાસ, સુશાસન અને કુશળ વહીવટ પર આધારિત વિશેષ પ્રદર્શન રહેશે. આ પ્રદર્શનમાં વડાપ્રધાનશ્રીની ૧૨ વર્ષની ઐતિહાસિક સિદ્ધિઓ અને રાષ્ટ્ર નિર્માણના મહત્વપૂર્ણ કાર્યોને ટેકનોલોજી અને સર્જનાત્મક માધ્યમો દ્વારા પ્રસ્તુત કરાશે. 'વિકસિત ભારત સંકલ્પ સંમેલન' અંતર્ગત યોજાનારા આ ત્રિ-દિવસીય મહોત્સવમાં પ્રથમ દિવસે, એટલે કે ૧૯ જૂનના રોજ, ગુજરાતની લુપ્ત થતી પરંપરાગત માણભટ્ટ આખ્યાન કલાની પ્રસ્તુતિ કરવામાં આવશે, જેની સાથે ૫ જેટલા પ્રતિષ્ઠિત એવોર્ડ મેળવેલું સુપરહિટ નાટક 'ભણકારા' ભજવાશે. આ ભવ્ય પ્રસ્તુતિ પ્રખ્યાત માણભટ્ટ કલાકાર વ્યાસ બ્રધર્સ, જાણીતા દિગ્દર્શક વિવેક પાઠક અને તેમની ટીમ દ્વારા રજૂ કરાશે. મહોત્સવના બીજા દિવસે, ૨૦ જૂને, સંગીતપ્રેમીઓ માટે એક વિશેષ સંગીતમય સાંસ્કૃતિક કૃતિની રજૂઆત કરવામાં આવી છે. આ સુરીલી સાંજને ગજવવા માટે ગુજરાતના ખ્યાતનામ અને સંગીત જગતના દિગ્ગજ કલાકાર શ્રી સંજય ઓઝા તથા શ્રી પાર્થ ઓઝા પોતાની પ્રસ્તુતિ આપશે. ઉત્સવના અંતિમ દિવસે, ૨૧ જૂનના રોજ, આધ્યાત્મિકતા અને સાહિત્યનો સુમેળ સાધતો 'ભજન ક્લબિંગ અને કવિ સંમેલન'નો કાર્યક્રમ યોજાશે. જેમા જાણીતા લોકગાયક અને કલાકાર શ્રી હાર્દિક દવેની ભજન પ્રસ્તુતિઓ સાથે દેશના યુવા કવિઓ પોતાની અનોખી કવિતાઓ દ્વારા દેશભક્તિ અને રાષ્ટ્રચેતનાનો રંગ જમાવશે. આ આયોજન માત્ર એક ઉત્સવ નથી, પરંતુ દેશના દરેક નાગરિકમાં રાષ્ટ્રભાવના જગાડવા અને 'વિકસિત ભારત'ના સંકલ્પને વધુ મજબૂત બનાવવાનું એક સશક્ત માધ્યમ છે.

# રાજ્યવ્યાપી ડ્રગ્સ વિરોધી અભિયાન ચલાવવા રાજ્ય પોલીસ વડાનો આદેશ; સ્થાનિક પોલીસને પણ NDPS કેસો નોંધવાની જવાબદારી



કમલમ્,

નશીલા પદાર્થો (ડ્રગ્સ) સામેની લડતને વધુ આક્રમક બનાવવાનાં સંકેતરૂપે ગુજરાત પોલીસે નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટાન્સિસ (NDPS) અધિનિયમ હેઠળની અમલવારી વધુ સઘન બનાવવાનો તથા રાજ્યભરમાં ડ્રગ્સ વિરોધી માળખાકીય વ્યવસ્થાનો વિસ્તાર કરવાનો નિર્ણય કર્યો છે. ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠકમાં રાજ્ય પોલીસ વડા (DGP) શ્રી જી.એસ. મલિકે તમામ પોલીસ એકમોને ડ્રગ્સ સંબંધિત ગુનાઓ સામે વધુ સક્રિય અભિગમ અપનાવવા તથા સરકારની નીતિ અનુસાર ઓછી માત્રામાં નશીલા પદાર્થો મળતા કેસોમાં પણ કડક કાર્યવાહી સુનિશ્ચિત કરવા સૂચના આપી હતી. રાજ્યના પોલીસ વડાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ડ્રગ્સના વેપારીઓ અને પેડલરો પર સતત નજર રાખી, ગુપ્તચર માહિતી આધારિત કાર્યવાહી અને કડક અમલવારી દ્વારા ધોંસ બોલાવવા માટે જણાવ્યુ હતું. જેથી ડ્રગ્સના નેટવર્કને તોડી શકાય અને નશીલા પદાર્થોના ફેલાવાને અટકાવી શકાય. એક મહત્વપૂર્ણ નીતિગત નિર્ણય હેઠળ હવે NDPS ગુનાઓ શોધવાની અને નોંધવાની જવાબદારી માત્ર ક્રાઈમ બ્રાન્ચ અને સ્પેશિયલ ઓપરેશન્સ ગ્રુપ (SOG) પૂરતી મર્યાદિત રહેશે નહીં. પરંતુ રાજ્યના તમામ સ્થાનિક પોલીસ સ્ટેશનોને તેમના વિસ્તારની અંદર ડ્રગ્સ સંબંધિત ગુનાઓ શોધવા, પકડવા અને નોંધવા માટે સક્રિય ભૂમિકા ભજવવાનો આદેશ આપવામાં આવ્યો છે. આ સાથે ડ્રગ્સ વિરોધી કામગીરીને સ્થાનિક સ્તરે પોલીસિંગની મુખ્ય જવાબદારી બનાવવામાં આવી છે. નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં ગુજરાતે ડ્રગ્સ સંબંધિત ગુનાઓ સામે ઝીરો-ટોલરન્સ નીતિ અપનાવી છે અને નશીલા પદાર્થોના વેપાર તથા દુરુપયોગ સામે કડક વલણ અપનાવ્યું છે. આ ઉચ્ચસ્તરીય બેઠકમાં એ પણ નિર્ણય લેવામાં આવ્યો કે જો કોઈ બાહ્ય એજન્સી દ્વારા કોઈ પોલીસ સ્ટેશનની હદમાં NDPS ગુનો નોંધાશે તો સંબંધિત અધિકારીઓની જવાબદારી નક્કી કરવામાં આવશે. અમલવારી દરમિયાન પકડાયેલા ડ્રગ્સના વ્યસનીઓની પણ વિસ્તૃત પૂછપરછ કરવા માટે પોલીસ કર્મચારીઓને સૂચના આપવામાં આવી છે, જેથી સપ્લાય ચેઈન સુધી પહોંચી શકાય, સપ્લાયરોની ઓળખ કરી શકાય અને મોટા ડ્રગ્સ નેટવર્કનો પર્દાફાશ કરી શકાય.

નશીલા પદાર્થોના વેચાણ, વિતરણ અને હેરફેર સાથે સંકળાયેલા લોકો સામે કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવશે. ગુજરાત પોલીસ કાઉન્સેલિંગ અને પુનર્વસન માટે સહાય કરશે કાયદાકીય કાર્યવાહી સાથે સાથે ગુજરાત પોલીસ નશાની લતથી પ્રભાવિત વ્યક્તિઓ માટે કાઉન્સેલિંગ અને પુનર્વસનની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં સહયોગ આપશે, જેથી ડ્રગ્સ વિરોધી અભિયાનમાં અમલવારી અને પુનર્વસન —બંને પાસાઓને સમાન મહત્વ મળી રહે. સક્રિય અને અસરકારક કામગીરીને પ્રોત્સાહન આપવા માટે NDPS કેસોની સફળ શોધખોળ અને તપાસ કરનારા પોલીસ કર્મચારીઓને યોગ્ય ઈનામો અને સન્માન આપવામાં આવશે.



કમલમ્,

વીરતા, સ્વાભિમાન અને રાષ્ટ્રભક્તિના પ્રતિક વીર શિરોમણી મહારાણા પ્રતાપજીની જન્મજયંતિ નિમિત્તે હંસાબા ભવન, ગાંધીનગર ખાતે વિવિધ રાજપૂત સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે આયોજિત કાર્યક્રમનું મુખ્ય મહેમાન ધારાસભ્યશ્રી બલવંતસિંહ રાજપૂત દ્વારા ભવ્ય શૌર્ય યાત્રાનું ઝંડી ફરકાવી પ્રસ્થાન કરાવ્યું સાથે રાજપૂત સમાજના આગેવાનો અને યુવાનોની ઉપસ્થિતિ રહ્યા. મહારાણા પ્રતાપજીનું અદમ્ય શૌર્ય, સ્વાભિમાન અને માતૃભૂમિ પ્રત્યેનું સમર્પણ આજે પણ સમગ્ર સમાજને પ્રેરણા આપે છે. આ શૌર્ય યાત્રા દ્વારા તેમના આદર્શોને જનમાનસ સુધી પહોંચાડવાનો અને રાષ્ટ્રપ્રેમની ભાવનાને વધુ મજબૂત બનાવવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો. આ પ્રસંગે મેયર શ્રીમતી મીરાબેન પટેલ, ધારાસભ્યશ્રી રીટાબેન પટેલ અને ડો સી જે ચાવડા ધારાસભ્યશ્રી, શંકરસિંહ ગોહિલ પ્રમુખશ્રી ગાં.જી.રા. સમાજ, કલ્યાણસિંહ ચુડાસમા પ્રમુખશ્રી ક.કા.રાજપૂત સમાજ, શહેર ભાજપ પ્રમુખ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન, કોર્પોરેટર શ્રીઓ, શ્રી જયરાજસિંહ પરમાર, રાજપૂત સમાજના આગેવાનો ભાઈઓ અને બહેનો, સંતો અને મોટી સંખ્યામાં માં યુવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## વલસાડ નગરપાલિકા દ્વારા મોગરાવાડી ખાતે ત્રિદિવસીય જનકલ્યાણ શિબિરનો પ્રારંભ



**ધારાસભ્યશ્રી ભરતભાઈ પટેલે મુલાકાત લઈ સૌને સરકારની યોજનાનો લાભ લેવા અનુરોધ કર્યો**

કમલમ્,વલસાડ,

વડાપ્રધાનશ્રીના સુશાસનના ૧૨ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે તેમજ સરકારશ્રીના "વિકસિત ભારત @2047"ના લક્ષ્યને સિદ્ધ કરવા અને સરકારની જનકલ્યાણકારી યોજનાઓની માહિતી તથા લાભ વધુમાં વધુ પ્રજાજનો સુધી પહોંચે તે હેતુસર વલસાડ નગરપાલિકા દ્વારા તા. ૧૭/૦૬/૨૦૨૬ના રોજ ગાંધી લાઈબ્રેરી, મોગરાવાડી ખાતે "જન કલ્યાણ શિબિર"નું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરની વલસાડના ધારાસભ્યશ્રી ભરતભાઈ પટેલે પણ મુલાકાત લઈ સૌને સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાનો લાભ લેવા અનુરોધ કર્યો હતો. આ "જન કલ્યાણ શિબિર" દરમિયાન શહેરીજનોને એક જ સ્થળે સરકારશ્રીની વિવિધ જનકલ્યાણકારી યોજના પી.એમ. સ્વનિધિ યોજના, આયુષ્યમાન ભારત યોજના, આયુષ્યમાન વયવંદના યોજના, નમોશ્રી યોજના, પી.એમ.જે.એ.વાય., રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના, નિરાધાર વૃધ્ધ અને દિવ્યાંગોને આર્થિક સહાય યોજના, રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના, ફ્રી શીપ કાર્ડ, મુખ્યમંત્રી લક્ષ્મી યોજના અને સરસ્વતી યોજના અંગે માહિતી પ્રાપ્ત થઈ હતી તેમજ યોજનાઓના લાભ મેળવવા માટે જરૂરી માર્ગદર્શન અને સહાય પણ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. ઉદઘાટન સમારોહ પ્રસંગે વલસાડ નગરપાલિકાના પ્રમુખશ્રી માલતીબેન ટંડેલ, ઉપપ્રમુખશ્રી આશુતોષ મિશ્રા તેમજ વોર્ડના અન્ય સભ્યશ્રીઓ અને ચીફ ઓફિસરશ્રી ઉપસ્થિત રહ્યા હતા. વલસાડ નગરપાલિકા દ્વારા આ "જન કલ્યાણ શિબિર" આગામી ૧૮/૦૬/૨૦૨૦૬ના રોજ ડી.એમ.ડી.જી. સ્કુલ પાછળ, સ્પોર્ટસ કોમ્પલેક્ષ ખાતે અને તા. ૧૯/૦૬/૨૦૨૬ના રોજ અબ્રામા ઝોન ઓફીસ, અબ્રામા, વલસાડ ખાતે સવારે ૧૧:૦૦ કલાકે યોજાનાર છે. જેનો વધુમાં વધુ લોકો લાભ લે તેવો અનુરોધ વલસાડ નગરપાલિકા દ્વારા કરવામાં આવ્યો છે.

## વન વિભાગની આધુનિક ટેકનોલોજીથી ગ્રીન બેલ્ટના વિકાસ કાર્યોની સમીક્ષા કરતા મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા

**ધોલેરા સરને ગ્રીન હબ બનાવવાનું લક્ષ્યાંક ધરાવતા 'ડ્રમ મેથડ' પ્લાન્ટેશન પ્રોજેક્ટની વન મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ મુલાકાત લીધી**



**ધોલેરામાં ક્ષારયુક્ત જમીન સામેની વૈજ્ઞાનિક જંગમાં ૯૭% સર્વાઈવલ રેટ સાથે ૨૯ હેક્ટરમાં હરિયાળી ક્રાંતિનું લક્ષ્ય**

કમલમ્,

ઔદ્યોગિક સ્માર્ટ સિટી ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન (DSIR)ને પર્યાવરણને અનુકૂળ અને ગ્રીન હબ બનાવવાના ઉદ્દેશ્ય સાથે હાથ ધરાયેલા સાયન્ટિફિક પ્લાન્ટેશન પ્રોજેક્ટની વન અને પર્યાવરણ તથા વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ સ્થાનિક ધારાસભ્ય શ્રી કાળુભાઈ ડાભી અને વન વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે રૂબરૂ મુલાકાત લીધી હતી. કેબિનેટ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ આ વનીકરણ અભિયાનની પ્રગતિનું બારીકાઈથી નિરીક્ષણ કરી વન વિભાગની કામગીરીથી સંતોષ વ્યક્ત કર્યો હતો. વન વિભાગ દ્વારા કુલ ૧૯.૫ હેક્ટર વિસ્તારમાં પ્લાન્ટેશનની કામગીરી સંભાળવામાં આવી રહી છે, જેમાંથી અત્યાર સુધીમાં ૧૦.૫ હેક્ટરથી વધુ વિસ્તારમાં વિવિધ વૃક્ષોનું વાવેતર સફળતાપૂર્વક પૂર્ણ કરી દેવામાં આવ્યું છે. આ મુલાકાત દરમિયાન મંત્રીશ્રીએ કામની પ્રગતિ, પ્લાન્ટેશન અને વોટરિંગ સિસ્ટમ નિહાળી હતી.

ધોલેરાની ઉચ્ચ ક્ષારયુક્ત જમીન અને પાણીની અછત જેવા ભૌગોલિક પડકારો સામે છોડને બચાવવા માટે અહીં આધુનિક વૈજ્ઞાનિક પદ્ધતિ 'ડ્રમ મેથડ'નો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આ પદ્ધતિમાં ભારે મજબૂતી ધરાવતા ડ્રમનો ઉપયોગ કરીને છોડના મૂળને દૂષિત માટીથી અલગ કરવામાં આવે છે અને 'મોઈશ્ચર રીટેન્શન ટેકનિક'થી ભેજ જાળવી રાખવામાં આવે છે. આ જ આધુનિક અભિગમના કારણે પ્લાન્ટેશનનો જીવંત રહેવાનો દર ૯૪%થી ૯૭% જેટલો ઊંચો નોંધાયો છે, જે સામાન્ય વનીકરણ કરતા ઘણો વધારે છે. પર્યાવરણીય સંતુલન અને સ્થાનિક જૈવવિવિધતાને જાળવવા માટે આ પ્રોજેક્ટમાં માત્ર સ્થાનિક પ્રજાતિના વૃક્ષોને જ પસંદ કરવામાં આવ્યા છે. જેમાં વડ, પીપળો, પારસ પીપળો, અર્જુન સાદડ, ગુલમહોર, કાંજી, ખાખરો, કેસુડો, ગુંદા અને ગુંદી જેવી ૧૭ કરતા વધુ દેશી પ્રજાતિઓનું વાવેતર થઈ રહ્યું છે. શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ આ વૈજ્ઞાનિક મોડલને બિરદાવતા જણાવ્યું હતું કે, આ સુઆયોજિત વનીકરણ ધોલેરાના ગ્રીન ફ્યુચર માટે માઈલસ્ટોન સાબિત થશે. આ મુલાકાત વેળાએ અમદાવાદના ડીસીએફ ડૉ. મીનલ જાની, ધોલેરાના આરએફઓ શ્રી પ્રકાશ દેસાઈ અને વન વિભાગની ટીમે હાજર રહીને ટેકનિકલ વિગતો પુરી પાડી હતી.

આ સાથે જ તાલુકા પંચાયત પ્રમુખશ્રી, જિલ્લા પંચાયત સભ્યશ્રી, સ્થાનિક સરપંચ તેમજ અન્ય તાલુકા પંચાયતના સભ્યો અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ધોલેરામાં આકાર લેતા દેશના મહત્વના 'ટાટા સેમીકન્ડક્ટર પ્લાન્ટ'ની વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ કરી મુલાકાત

**ટાટા સેમીકન્ડક્ટર પ્લાન્ટ ખાતે મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ ટાટાની ટીમ સાથે પ્લાન્ટની કામગીરીની સમીક્ષા કરી ઉચ્ચ સ્તરીય બેઠક યોજી**








કમલમ્,

વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ આજે ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજન (SIR) ખાતે આકાર લઈ રહેલા દેશના પ્રતિષ્ઠિત 'ટાટા ઈલેક્ટ્રોનિક્સ સેમીકન્ડક્ટર પ્લાન્ટ'ની વિશેષ મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે પ્લાન્ટ સાઈટ પર જઈને ચાલી રહેલા બાંધકામ અને ટેકનિકલ માળખાની પ્રગતિનું પ્રત્યક્ષ નિરીક્ષણ કર્યું હતું.

તેમણે અત્યાર સુધી થયેલી ચાલુ કામગીરીને ઝીણવટભરી રીતે નિહાળી હતી અને આગામી સમયમાં આ મહત્વકાંક્ષી પ્રોજેક્ટ ક્યારે કાર્યરત થશે તેની વિગતવાર સમીક્ષા કરી હતી. આ મુલાકાત દરમિયાન શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ ટાટા ઈલેક્ટ્રોનિક્સ સેમીકન્ડક્ટર પ્લાન્ટની મેનેજમેન્ટ ટીમ અને એન્જિનિયર્સ સાથે એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી. તેમણે જણાવ્યું હતું કે ધોલેરામાં ટાટા ઈલેક્ટ્રોનિક્સ દ્વારા સ્થાપવામાં આવી રહેલો આ સેમીકન્ડક્ટર પ્લાન્ટ ભારતમાં ડિજિટલ તેમજ ઈલેક્ટ્રોનિક્સ ક્રાંતિને નવી દિશા આપશે. આ સાથે જ તેમણે આ પ્લાન્ટના માધ્યમથી સ્થાનિક સ્તરે રોજગારીની વ્યાપક તકો ઊભી કરવા અને આસપાસના વિસ્તારના આર્થિક વિકાસને ગતિ આપવા અંગે પણ હકારાત્મક ચર્ચા કરી હતી. ટાટા ઈલેક્ટ્રોનિક્સની ઉચ્ચ સ્તરીય ટીમે શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાની આ મુલાકાતને આવકારી હતી, અને દેશ તેમજ રાજ્યના ઔદ્યોગિક નકશા પર અત્યંત મહત્વપૂર્ણ એવા આ પ્રોજેક્ટને નિર્ધારિત સમય મર્યાદામાં પૂર્ણ કરવા માટેની પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. આ મુલાકાત દરમિયાન સ્થાનિક ધારાસભ્ય શ્રી કાળુભાઈ ડાભી, ટાટા ઈલેક્ટ્રોનિક્સ પ્રા.લિ. કંપનીના સીઈઓ અને એમડી ડૉ. રણધીર ઠાકુર, ટાટા ઈલેક્ટ્રોનિક્સ સેમીકન્ડક્ટર પ્લાન્ટની મેનેજમેન્ટ ટીમ અને એન્જિનિયર્સ, તાલુકા પંચાયત પ્રમુખશ્રી, તાલુકા પક્ષ પ્રમુખશ્રી, જિલ્લા પંચાયત સભ્યશ્રી, સ્થાનિક સરપંચ તેમજ અન્ય તાલુકા પંચાયતના સભ્યો અગ્રણીઓ તથા અધિકારીશ્રીઓ જોડાયા હતા.

## વલસાડ જિલ્લાના ગામડાઓમાં યોજાઈ રહી છે જન કલ્યાણ શિબિર, બે દિવસમાં ૧૫૪૨ લોકોએ લાભ મેળવ્યો



**એક જ સ્થળ પર અનેકવિધ યોજનાના લાભો અપાયા સાથે યોજનાકીય માર્ગદર્શન પણ અપાયું**

કમલમ્,વલસાડ

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં 'સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણ'ના ૧૨ વર્ષની આ અવિરત યાત્રા આજે દેશના ખૂણે-ખૂણાને વિકાસની નવી ઊંચાઈઓ પર લઈ જઈ રહી છે. ત્યારે જનકલ્યાણના સંકલ્પને સાકાર કરતી જનકલ્યાણ શિબિર તા. ૧૫ જૂનના રોજ ધરમપુરના બામટી ગામમાં લાલ ડુંગરી ખાતે આદર્શ નિવાસી શાળા, કપરાડામાં કોમ્યુનિટી હોલ અને પારડીમાં નગરપાલિકાના કોમ્યુનિટી હોલમાં યોજાઈ હતી. આ જન કલ્યાણ શિબિરમાં જિલ્લા પંચાયતના સભ્યશ્રી અને તાલુકા પંચાયતના સભ્યશ્રી તથા ગ્રામજનો અને લાભાર્થીઓ બહોળા પ્રમાણમાં હાજર રહ્યા હતા. આ શિબિરમાં આઈસીડીએસ વિભાગ તરફથી દિકરી વધામણા યોજના હેઠળ બાળ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ગંગા સ્વરૂપ આર્થિક સહાય યોજના તથા વૃધ્ધ સહાય યોજનાના પ્રમાણપત્રનું વિતરણ કરવામાં આવ્યું હતું. ગંગા સ્વરૂપ આર્થિક સહાય યોજના તથા વૃધ્ધ સહાય યોજનાના લાભાર્થીઓની KYC અંગેની કામગીરી કરવામાં આવી હતી. સરકારની વિવિધ કલ્યાણકારી યોજના અંગે નોંધણી, માર્ગદર્શન અને લાભ વિતરણની કામગીરી કરવામાં આવી હતી. શિબિર દરમિયાન વ્યાપક જનજાગૃતિ ફેલાવવામાં આવી હતી. માહિતી પત્રિકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. વૃદ્ધ નાગરિકો, દિવ્યાંગજનો અને અન્ય લાભાર્થીઓ માટે જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. ઉપરોક્ત શિબિરનો ૭૫૨ લોકોએ લાભ લીધો હતો. બીજા દિવસે તા. ૧૬ જૂનના રોજ ઉમરગામ નગરપાલિકાના ગાધીસદન હોલ, કપરાડાના સુથારપાડા ખાતે પ્રાથમિક શાળા, વલસાડ તાલુકાના મગોદડુંગરી ગામમાં પ્રાથમિક શાળા અને ધરમપુરના હનુમતમાળ ગામની પ્રાથમિક શાળામાં યોજાયેલી જન કલ્યાણ શિબિરમાં અંદાજે ૭૯૦ લાભાર્થીઓને સરકારશ્રીની જુદી-જુદી યોજનાઓ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા, તેમજ સરકારશ્રીની જુદી-જુદી યોજનાઓનો લાભ આપવામાં આવ્યો હતો.

# સુરત ખાતે પંડિત દીનદયાળ ઉપાધ્યાય પ્રશિક્ષણ મહા અભિયાન ૨૦૨૬, પ્રશિક્ષક પ્રશિક્ષણ કાર્યશાળા પ્રદેશ મહામંત્રી શ્રી પ્રશાંતભાઈ કોરાટના અધ્યક્ષતામાં દક્ષિણ ઝોનની બેઠક યોજાઈ

**આ કાર્યશાળા અંત્યોદય અને એકાત્મ માનવવાદના પ્રણેતા દિનદયાળ ઉપાધ્યાયના વિચારોથી પ્રેરિત હતી**

**વક્તાશ્રી ઓએ વિવિધ વિષયો ઉપર વિવિધ માર્ગદર્શન આપ્યું.**



કમલમ્,સુરત

ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ મહામંત્રી શ્રી પ્રશાંતભાઈ કોરાટના અધ્યક્ષતામાં સુરત ભાજપ કાર્યાલય ખાતે દક્ષિણ ઝોનની પ્રશિક્ષણ મહાઅભિયાનની કાર્યશાળા યોજાઈ હતી . જેમાં કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય થકી કરવામાં આવી ત્યારબાદ સંયુક્ત રીતે વંદે માતરમ ગાન ગવાયું શ્રી પંડિત દિનદયાળ ઉપાધ્યાયના વિચારો પર આધારિત આ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્ય શાળાના મુખ્ય વિષય તરીકે વૈચારિક અધિષ્ઠાન જેના મુખ્ય વકતા તરીકે શ્રી ભરતભાઈ ડાંગર, ઈતિહાસ અને વિકાસના વક્તા તરીકે શ્રીમતી અર્ચનાબેન ઠાકર, કાર્ય વિસ્તારની આપણી દૃષ્ટિ વિષય માટે શ્રી પ્રશાંતભાઈ વાળા, કાર્ય પદ્ધતિ માટે ડોકટર જાનકીબેન આચાર્ય, સરકારની સિદ્ધિઓ અને અમલીકરણ વિષય માટે શ્રી ગૌતમભાઈ ગેડિયા, ડિજિટલ યુગ ને ધ્યાનમાં રાખી સોશિયલ મીડિયા એ આઈ , નમો એપ અને સરળ એપ વિષય પર આધુનિક ટેકનોલોજી ના અસરકારક ઉપયોગ વિશે શ્રી મનન દાણી અને બુથ મેનેજમેન્ટમાં શ્રી બાબુભાઈ જેબલિયા મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યાં હતાં અને માર્ગદર્શન આપ્યું હતું. જેમાં પર્યાવરણ અનુરૂપ સૃષ્ટિ આકાશ પંચતત્વ અગ્નિ પૃથ્વી જલ વાયુ અને પ્રકૃતિ જેવા ઉપનામ આપવામાં આવ્યા. પ્રશિક્ષણ મહા અભિયાન નો મુખ્ય હેતુ સંગઠનના કાર્યકર્તાઓમાં વિચારધારા પ્રત્યેની સમજ મજબૂત બનાવવાનો અને તેમની સંગઠનનાત્મક કાર્યક્ષમતા વધારવાનો છે. આ કાર્ય શાળામાં દક્ષિણ ઝોનના ભારતીય જનતા પાર્ટીના અપેક્ષિત પદાધિકારીઓ ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના સમાપન સમયે કાર્યકર્તાઓને સંગઠનના વિસ્તરણ અને આગામી કાર્યક્રમોને સફળ બનાવવા માટે સક્રિય ભાગીદારી નોંધાવવા માટે અનુરોધ કરવામાં આવ્યો હતો અને રાષ્ટ્રગીત સાથે કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું. આ બેઠકમા મુખ્ય અતિથિ તરીકે ડૉ. પ્રશાંતભાઈ કોરાટ, (પ્રદેશ સહ સંયોજક શ્રી પંડિત દિનદયાલ ઉપાધ્યાય પ્રશિક્ષણ મહા અભિયાન રાજેશભાઈ દેસાઈ )અને (પ્રદેશ સહ સંયોજક શ્રી પંડિત દિનદયાલ ઉપાધ્યાય પ્રશિક્ષણ મહા અભિયાન પ્રકાશચંદ્ર ચૌધરી પટેલ ) તથા સુરત મહાનગર, સુરત જીલ્લો, નવસારી જીલ્લો, નર્મદા જીલ્લો, ભરૂચ જીલ્લો, વલસાડ જીલ્લો, ડાંગ જીલ્લો, તાપી જીલ્લો દક્ષિણ ઝોનના અપેક્ષિત પદાધિકારીઓ, હોદેદારો, કાર્યકર્તાઓ હાજર રહ્યાં હતા. તેમજ યજમાન સુરત શહેર ભાજપા પ્રમુખ પરેશ ભાઈ પટેલ, મહામંત્રી કરશન ભાઈ ગોંડલિયા, દુર્ગા પ્રસાદ પાંડે, વિરલ ગિલિટવાળા, તથા હોદેદારો કાર્યકર્તાઓ સેવા આપી હતી.

# દેશની કુલ SEZ નિકાસમાં ગુજરાતનો ૨૧ ટકા જેટલો સિંહફાળો: રાજ્યમાં ૧૨ વર્ષમાં રોકાણ અને રોજગારીમાં રેકોર્ડબ્રેક વૃદ્ધિ

## ‘વિકસિત ગુજરાત ઔદ્યોગિક નીતિ-૨૦૨૬’ એ માત્ર ઔદ્યોગિક નીતિ નથી, પરંતુ રાજ્યમાં આર્થિક પરિવર્તનનો નવો પર્યાય બનશે: અજય ભાદૂ, કેન્દ્રીય વાણિજ્ય અધિક સચિવ



કમલમ્,

કંડલા સ્પેશિયલ ઈકોનોમિક ઝોન (KASEZ), ઈન્ડસ્ટ્રીઝ કમિશનરેટ અને DGFT અમદાવાદ દ્વારા અમદાવાદ ખાતે ‘ગુજરાતમાં SEZનાં ૧૨ વર્ષની સિદ્ધિઓ અને ભવિષ્યનું વિઝન’ વિષય પર આઉટરીચ પ્રોગ્રામ યોજવામાં આવ્યો હતો. જેમાં કેન્દ્ર તથા રાજ્ય સરકારના વાણિજ્ય અધિકારીઓ તેમજ વિવિધ ઉદ્યોગગૃહોના પ્રતિનિધિઓ દ્વારા રાજ્યના ઔદ્યોગિક વિકાસ અને આગામી રોડમેપ વિશે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ પ્રસંગે ઉપસ્થિત કેન્દ્રીય વાણિજ્ય મંત્રાલયના અધિક સચિવ અજય ભાદુએ ભારતના વધતા વૈશ્વિક વ્યાપારિક વિકાસ-વિસ્તારની વિગતો આપતાં જણાવ્યું કે છેલ્લા એક દાયકામાં દેશની કુલ નિકાસ આશરે ૪૪૧ બિલિયન યુએસ ડોલરથી વધીને ૮૬૩ બિલિયન યુએસ ડોલર સુધી પહોંચી છે. જેમાં એન્જિનિયરિંગ, પેટ્રોલિયમ, ઈલેક્ટ્રોનિક્સ, ફાર્માસ્યુટિકલ્સ અને જેમ્સ એન્ડ જ્વેલરી ક્ષેત્રનો મહત્ત્વનો ફાળો છે. તેમણે ઉમેર્યું કે આ વૈશ્વિક વિકાસ યાત્રામાં ગુજરાત ૧૧૦ બિલિયન યુએસ ડોલરના નોંધપાત્ર યોગદાન સાથે મુખ્ય ભાગીદાર તરીકે ઊભરી આવ્યું છે. તાજેતરમાં જાહેર થયેલી વિકસિત ગુજરાત ઔદ્યોગિક નીતિ-૨૦૨૬ની સરાહના કરતાં તેમણે કહ્યું કે આ નીતિ એ માત્ર ઔદ્યોગિક નીતિ નથી, પરંતુ રાજ્યમાં આર્થિક પરિવર્તનનો નવો પર્યાય સાબિત થશે. તેમણે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ‘મેઈડ ઈન ઈન્ડિયા, મેક ફોર ધ વર્લ્ડ’ વિઝનને મહત્ત્વપૂર્ણ ગણાવ્યું હતું. દેશમાં ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ માટે રાષ્ટ્રીય સ્તરે ટ્રેડ કનેક્ટ, ટ્રેડ ઈન્ટેલિજન્સ એન્ડ એનાલિટિક્સ (TIA) પોર્ટલ અને મર્ચેન્ડાઈઝ ઈમ્પોર્ટ્સ મોનિટરિંગ પોર્ટલ (MIMP) જેવા મહત્ત્વના ડિજિટલ પ્રકલ્પો શરૂ કરવામાં આવ્યા છે. જ્યારે ઈન્ડિયા બ્રાન્ડ ઈક્વિટી ફાઉન્ડેશન પણ વૈશ્વિક સ્તરે ભારત માટે વિશ્વાસનું સીમાચિહ્ન હોવાનું ઉમેર્યું હતું. આ ઉપરાંત, મોરિશિયસ, યુએઈ, ઓસ્ટ્રેલિયા અને યુનાઈટેડ કિંગડમ (UK) સાથે મહત્ત્વના મુક્ત વ્યાપાર કરારો પણ કરવામાં આવ્યા છે. એટલું જ નહીં, સરકારે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ થી ૨૦૩૦-૩૧ ના સમયગાળામાં એમએસએમઈ (MSME) ક્ષેત્રને વૈશ્વિક વેલ્યૂ ચેઈન સાથે જોડવા માટે ૨૫,૬૦૦ કરોડની જોગવાઈ સાથે નિકાસ સંવર્ધન મિશન પણ શરૂ કર્યું છે. ગુજરાતના SEZની સિદ્ધિઓ પર પ્રકાશ પાડતાં ઝોનલ ડેવલપમેન્ટ કમિશનર જ્ઞાનેશ્વર પાટિલે જણાવ્યું કે છેલ્લાં ૧૨ વર્ષોમાં ગુજરાતે વિનિર્માણ, રોકાણ અને નિકાસ ક્ષેત્રે અભૂતપૂર્વ આર્થિક પરિવર્તન નોંધાવ્યું છે. રાજ્ય સરકારની ઉદ્યોગલક્ષી નીતિઓના પરિણામે આજે ગુજરાતના સ્થાનિક SEZ રોકાણ, રોજગાર અને ઈનોવેશનનાં મહત્ત્વનાં કેન્દ્રો બન્યાં છે. તેમણે જણાવ્યું કે વર્ષ ૨૦૧૪-૧૫માં ગુજરાતની નિકાસ ૧,૭૯,૮૦૮ કરોડ હતી, જે આશરે ૬૭ ટકાના વધારા સાથે વર્ષ ૨૦૨૫-૨૬માં ૩,૦૦,૭૯૩ કરોડ સુધી પહોંચી છે. પરિણામે, આજે ભારતની કુલ SEZ નિકાસમાં ગુજરાત એકલું અંદાજે ૨૧ ટકાનો માતબર હિસ્સો ધરાવે છે. આ સમયગાળામાં SEZમાં કુલ રોકાણ ૧,૨૨,૬૫૪ કરોડથી વધીને ૨,૨૮,૬૨૪ કરોડ થયું છે, જ્યારે રોજગારીની તકો ૬૩,૪૭૫થી વધીને ૨.૨૨ લાખથી વધુ થઈ છે. તેમણે કહ્યું કે ગુજરાત આજે હાઈ-ટેક મેન્યુફેક્ચરિંગ સેન્ટર તરીકે સ્થાપિત થઈ રહ્યું છે. આ માટે રાજ્યમાં ૪ અત્યાધુનિક સેમિકન્ડક્ટર SEZ સૂચિત કરવામાં આવ્યા છે, જેમાં સીજી સેમિ ટેક્નોલોજીસ, કેઈન્સ સેમિકોન, ટાટા સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ અને માઈક્રોન ટેક્નોલોજી સામેલ છે. ભવિષ્યનો રોડમેપ દર્શાવતા પાટિલે જણાવ્યું કે SEZ માટે નિકાસમાં દર વર્ષે ૨૦ ટકા અને રોજગાર સર્જનમાં ૧૦ ટકા વાર્ષિક વૃદ્ધિનો લક્ષ્યાંક નિયત કરાયો છે. જ્યારે તમામ એકમો ’પોઝિટિવ નેટ ફોરેન એક્સચેન્જ અર્નિંગ’ (NFE) ની સ્થિતિ પ્રાપ્ત કરે તેવા વિશેષ પ્રયાસો કરવામાં આવશે તેમ પણ તેમણે ઉમેર્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત રાજ્યના ઈન્ડસ્ટ્રીઝ કમિશનર પી. સ્વરૂપે જણાવ્યું કે રાજ્યમાં છેલ્લાં ૧૨ વર્ષમાં વાર્ષિક ઉદ્યોગ સર્વેક્ષણ (ASI) મુજબ કારખાનાની સંખ્યા ૨૨,૮૭૬ થી વધીને ૩૩,૩૧૧ (૧.૫ ગણી વૃદ્ધિ) થઈ છે અને કુલ ઔદ્યોગિક ઉત્પાદન ૧૨.૩૧ લાખ કરોડથી વધીને ૨૬.૩૯ લાખ કરોડ સુધી પહોંચ્યું છે. તાજેતરમાં જાહેર કરવામાં આવેલી ‘વિકસિત ગુજરાત ઔદ્યોગિક નીતિ-૨૦૨૬’માં સમાવિષ્ટ માળખાકીય પરિવર્તનો વિશે માહિતી આપતાં તેમણે જણાવ્યું કે રાજ્ય સરકારે વર્ષ ૨૦૪૭ સુધીમાં ૩.૫ ટ્રિલિયન યુએસ ડોલરની અર્થવ્યવસ્થા બનવાના લક્ષ્ય સાથે આ નીતિ જાહેર કરી છે. આ માટે કુલ ૨૧ મુખ્ય ક્ષેત્રોની ઓળખ કરવામાં આવી છે. વિકસિત ભારત @2047 માટે વિકસિત ગુજરાતના લક્ષ્ય સાથે આ નવી નીતિમાં ઉદ્યોગો પોતાની વ્યાવસાયિક જરૂરિયાત મુજબ મૂડી સબસિડી, વ્યાજ સબસિડી અથવા પાવર ટેરિફ રિએમ્બર્સમેન્ટની પસંદગી માટે 'Choose Your Incentive'નું પારદર્શી માળખું બનાવવામાં આવ્યું છે. આ ઉપરાંત, પ્રોજેક્ટ T.H.R.I.V.E. જેવી પહેલ રાજ્યમાં સંતુલિત પ્રાદેશિક વિકાસ સુનિશ્ચિત કરાશે. જ્યારે ગુજરાતને વૈશ્વિક આર એન્ડ ડી (R&D) હબ બનાવવા માટે સંશોધન, હરિત માળખાકીય સુવિધાઓ, સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ, મહિલા સાહસિકો અને કૌશલ્ય વિકાસ માટે પણ વિશેષ સહાયની જોગવાઈ કરવામાં આવી હોવાનું તેમણે ઉમેર્યું હતું. આ નીતિ હેઠળ સેમિકન્ડક્ટર, રિન્યૂએબલ એનર્જી અને હાઈ-ટેક મેન્યુફેક્ચરિંગ જેવાં ઉભરતાં ક્ષેત્રો પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. રાજ્યના સ્પેશિયલ ઈકોનોમિક ઝોન (SEZ) અને મજબૂત માળખાકીય સુવિધાઓ વૈશ્વિક રોકાણકારોને આકર્ષીને ગુજરાતને દેશનું અગ્રણી આર્થિક અને નિકાસ હબ બનાવશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો. આ અવસરે ઉપસ્થિત વિવિધ ઉદ્યોગગૃહોના પ્રતિનિધિઓએ સરકારની ઔદ્યોગિક નીતિ થકી વિકાસના આયામો વિશે પ્રેઝન્ટેશનના માધ્યમથી પોતાના વિચારો રજૂ કર્યા હતા.

# સાંકળચંદ પટેલ યુનિવર્સિટીના ૧૦મા સ્થાપના દિવસ નિમિત્તે શિક્ષણ અને માનવસેવાના વિવિધ કાર્યક્રમોનું આયોજન



કમલમ્,વિસનગર

ઉત્તર ગુજરાતની અગ્રણી NAAC ગ્રેડ 'A' માન્યતા પ્રાપ્ત સાંકળચંદ પટેલ યુનિવર્સિટી, વિસનગર ખાતે યુનિવર્સિટીના ૧૦મા સ્થાપના દિવસ નિમિત્તે સમાજસેવા અને શિક્ષણને સમર્પિત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. કર્મવીર સ્વ. શ્રી સાંકળચંદભાઈ પટેલના સેવા, શિક્ષણ અને સમાજકલ્યાણના સંકલ્પને સાકાર કરવાના ઉદ્દેશ સાથે યોજાયેલા કાર્યક્રમોમાં વિસનગર તાલુકાની પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા માતા અથવા પિતા વિહોણા વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાયરૂપે ૧૦,૦૦૦ નોટબૂકનું વિતરણ કરવામાં આવ્યું હતું. દરેક લાભાર્થી વિદ્યાર્થીને ૬ નંગ નોટબૂક અર્પણ કરી તેમના શિક્ષણમાં સહયોગ આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી ડો. શરદભાઈ ત્રિવેદી, તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી શ્રીમતી સોનલબેન પટેલ, વિસનગર તાલુકાની વિવિધ પ્રાથમિક શાળાઓના આચાર્યશ્રીઓ તથા નૂતન સર્વ વિદ્યાલય કેળવણી મંડળના વાઈસ પ્રેસિડેન્ટ શ્રી ચંદ્રકાંતભાઈ એમ. પટેલ, સાંકળચંદ પટેલ યુનિવર્સિટીના ઈન્ચાર્જ પ્રોવોસ્ટ ડૉ. જે. આર. પટેલ તથા રજીસ્ટ્રાર ડૉ. પરીમલ ત્રિવેદી સહિતના મહાનુભાવો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે મહાનુભાવોએ જણાવ્યું હતું કે કર્મવીર સ્વ. શ્રી સાંકળચંદભાઈ પટેલનું સ્વપ્ન હતું કે કોઈપણ બાળક આર્થિક અથવા પારિવારિક સંજોગોને કારણે શિક્ષણથી વંચિત ન રહે. તેમના આ સેવાભાવી અને શિક્ષણપ્રેમી વિચારોને આગળ વધારવાના હેતુથી આ નોટબૂક વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે, જેથી જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને શિક્ષણ માટે જરૂરી પ્રોત્સાહન અને સહાય મળી રહે તથા તેઓ આત્મવિશ્વાસ સાથે પોતાના ભવિષ્યનું નિર્માણ કરી શકે. યુનિવર્સિટીના ૧૦મા સ્થાપના દિવસની ઉજવણી અંતર્ગત માત્ર શૈક્ષણિક સહાય પૂરતી જ નહીં પરંતુ સમાજના વિવિધ વર્ગો સુધી માનવસેવાનો લાભ પહોંચે તે માટે પણ વિશેષ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. આ અંતર્ગત Apna Ghar Ashram, ઉમતા (મહેસાણા), વડનગર વૃદ્ધાશ્રમ તથા ઉત્તર ગુજરાત વિકલાંગ કલ્યાણ સંઘ, કૂવાસણા જેવી સેવાકીય સંસ્થાઓમાં જરૂરિયાતમંદ લોકો માટે hysio Kits, Walkers, Jodi, Neck Belts તેમજ Dr. Matrushree Back Belts જેવી આરોગ્યલક્ષી અને સહાયરૂપ સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ તમામ સેવાકીય પ્રવૃત્તિઓ સાંકળચંદ પટેલ યુનિવર્સિટીના ડાયનેમિક પ્રેસિડેન્ટ શ્રી પ્રકાશભાઈ પટેલના માર્ગદર્શન તથા યુનિવર્સિટીના તમામ હોદ્દેદારોના સહયોગથી, NSS Unit – સાંકળચંદ પટેલ યુનિવર્સિટી દ્વારા સફળતાપૂર્વક આયોજિત કરવામાં આવી હતી. આ સેવાકીય કાર્યક્રમો દ્વારા વડીલો, દિવ્યાંગજનો તથા જરૂરિયાતમંદ લોકો સુધી સહાય, સંવેદના અને માનવતાનો સંદેશ પહોંચાડવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. યુનિવર્સિટી દ્વારા શિક્ષણની સાથે સમાજ પ્રત્યેની પોતાની જવાબદારીનું પણ સફળતાપૂર્વક નિર્વહન કરવામાં આવી રહ્યું છે. "શિક્ષણ દ્વારા સેવા – સમાજ પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતા" ના ધ્યેયને સાકાર કરતી આ ઉજવણી શિક્ષણ, સંસ્કાર અને સમાજસેવાના સમન્વયનું પ્રેરણાદાયી ઉદાહરણ બની રહી હતી.



કમલમ્,

ભાવનગર મેડિકલ કોલેજમાં રેગીંગની ફરિયાદને અત્યંત ગંભીરતાથી લેવામાં આવી છે. આ મામલે જ રાજ્યના આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ નિયામકશ્રીને જરૂરી સૂચનાઓ આપી હતી. ઓર્થોપેડિક વિભાગના બીજા વર્ષના ૬ વિદ્યાર્થીઓ દ્વારા પ્રથમ વર્ષના ૧૩ વિદ્યાર્થીઓ સાથે રેગીંગ કરાયાની ફરિયાદ અંગે મેડિકલ કોલેજના ડીનશ્રી તથા એન્ટી-રેગીંગ કમિટીને તત્કાલ વિગતવાર અહેવાલ રજૂ કરવા રાજ્યના આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ દ્વારા સૂચના આપવામાં આવી છે. શિક્ષણમાં શિસ્ત, સંસ્કાર અને વિદ્યાર્થીઓની સુરક્ષા સર્વોપરી છે, ત્યારે રાજ્યમાં રેગીંગ જેવી અમાનવીય પ્રવૃત્તિઓ માટે કોઈ સ્થાન નથી. દોષિત જણાશે તેમની સામે નિયમો અનુસાર કડક કાર્યવાહી કરવામાં આવશે એવો આરોગ્ય મંત્રીશ્રીએ જણાવ્યું છે.

# "સિકલ સેલ રોગમાં જીવનરક્ષણની અસમાનતા દૂર કરીને સમાન આરોગ્યસેવાઓ સુનિશ્ચિત કરવી." થીમ પર ચાલુ વર્ષે વિવિધ સ્વરૂપે ઉજવણી

## સિકલ સેલ જાગૃતિ અંગેના ગુજરાત મોડેલની તર્જ પર દેશભરમાં જુલાઈ, ૨૦૨૩ના રોજ કેન્દ્ર સરકારે ‘રાષ્ટ્રીય સિકલ સેલ એનિમિયા ઉન્મૂલન મિશન’ની કરી શરૂઆત : પદ્મશ્રી ડો. યઝદી ઇટાલિયા



**સિકલ સેલ એનિમિયા ઉન્મૂલન મિશન દ્વારા દર્દીઓને નિઃશુલ્ક તપાસ, નિદાન, સારવાર, રક્ત ચઢાવવા જેવી વિવિધ સારવાર ઉપલબ્ધ**

કમલમ્,

વિશ્વ સિકલ સેલ જાગૃતિ દિવસના અવસરે અગ્રણી ટ્રાન્સલેશનલ સાયન્ટિસ્ટ, પદ્મશ્રી પુરસ્કાર વિજેતા અને સિકલ સેલ નિયંત્રણ કાર્યક્રમના પાયાના કાર્યકર ડૉ. યઝદી ઈટાલિયાએ ભારતમાં સિકલ સેલ રોગ (Sickle Cell Disease – SCD) સામેની લડતમાં થયેલી નોંધપાત્ર પ્રગતિને ઉજાગર કરી હતી. તેમણે સાથે સાથે વધુ જાગૃતિ, સમાન આરોગ્યસેવાઓની ઉપલબ્ધતા અને આધુનિક નિવારક ટેક્નોલોજીના વ્યાપક અમલીકરણની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. સિકલ સેલ રોગ વિશ્વના સૌથી સામાન્ય વારસાગત રક્તરોગોમાંનો એક છે. ભારતમાં ખાસ કરીને આદિવાસી સમાજમાં તેનો વ્યાપ વધુ જોવા મળે છે. વર્ષો સુધી અજ્ઞાનતા, મોડું નિદાન અને વિશિષ્ટ સારવારની અછતને કારણે હજારો દર્દીઓ અનાવશ્યક પીડા અને ગંભીર જટિલતાઓનો ભોગ બનતા રહ્યા હતા. ગુજરાતે વર્ષ ૨૦૦૬માં તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ વ્યાપક સિકલ સેલ નિયંત્રણ કાર્યક્રમ શરૂ કરીને દેશમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન સ્થાપિત કર્યું હતું. આ કાર્યક્રમ હેઠળ ગામડાં અને આદિવાસી વિસ્તારોમાં નિઃશુલ્ક સ્ક્રીનિંગ, વહેલું નિદાન, આનુવંશિક અને નૈતિક પરામર્શ, રસીકરણ, ફોલિક એસિડ અને હાઈડ્રોક્સીયુરિયા જેવી દવાઓની ઉપલબ્ધતા તેમજ નિયમિત ફોલોઅપ સેવાઓ શરૂ કરવામાં આવી હતી. ડૉ. ઈટાલિયાના જણાવ્યા મુજબ ગુજરાત મોડેલે આરોગ્યસેવાઓને આદિવાસી સમાજના ઘરઆંગણે પહોંચાડી, દર્દીઓમાં દુખાવાના હુમલાઓ, જટિલતાઓ અને હોસ્પિટલમાં દાખલ થવાની જરૂરિયાતમાં નોંધપાત્ર ઘટાડો કર્યો હતો. આ મોડેલની સફળતાને ધ્યાનમાં રાખીને રાષ્ટ્રીય આરોગ્ય મિશન દ્વારા તેને દેશભરમાં અપનાવવામાં આવ્યો અને ત્યારબાદ તા. ૧ જુલાઈ, ૨૦૨૩ના રોજ ભારત સરકારે ‘રાષ્ટ્રીય સિકલ સેલ એનિમિયા ઉન્મૂલન મિશન’ની શરૂઆત કરી. આ મિશનનો હેતુ વર્ષ ૨૦૪૭ સુધીમાં સિકલ સેલ રોગના ભારને નોંધપાત્ર રીતે ઘટાડવાનો છે. આ વર્ષનો વૈશ્વિક વિષય છે – "Closing the Survival Gap: Equity in Sickle Cell Disease" એટલે કે "સિકલ સેલ રોગમાં જીવનરક્ષણની અસમાનતા દૂર કરીને સમાન આરોગ્યસેવાઓ સુનિશ્ચિત કરવી." આ વિષય વિશ્વભરના દર્દીઓને તેમના ભૌગોલિક સ્થાન, આર્થિક સ્થિતિ કે સામાજિક પૃષ્ઠભૂમિની પરવા કર્યા વિના સમયસર નિદાન, સારવાર અને લાંબા ગાળાની સંભાળ પ્રાપ્ત થાય તેવા પ્રયાસોની તાત્કાલિક જરૂરિયાત પર ભાર મૂકે છે. સિકલ સેલ રોગ ગંભીર દુખાવાના હુમલા, ક્રોનિક એનિમિયા, વારંવાર થતા ચેપ, અગત્યના અંગોને નુકસાન અને અકાળ મૃત્યુ જેવી ગંભીર સમસ્યાઓનું કારણ બની શકે છે. ડિહાઈડ્રેશન, ચેપ, શારીરિક તણાવ અને અતિશય તાપમાનના ફેરફારો આ જટિલતાઓને વધારી શકે છે. જોકે નિષ્ણાતોના મતે નિયમિત તબીબી દેખરેખ, રસીકરણ, પૂરતું પાણી પીવું, સમયસર સારવાર અને દર્દી શિક્ષણ દ્વારા આમાંથી ઘણી જટિલતાઓને અટકાવી શકાય છે. ભારત સરકારે આયુષ્માન ભારત યોજના અને રાષ્ટ્રીય સિકલ સેલ એનિમિયા ઉન્મૂલન મિશન દ્વારા દર્દીઓને વિશેષ સહાય પૂરી પાડી છે. આ યોજનાઓ હેઠળ નિઃશુલ્ક તપાસ, નિદાન, સારવાર, રક્ત ચઢાવવાની સેવા, ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા તેમજ વિવિધ જટિલતાઓની સારવાર ઉપલબ્ધ કરવામાં આવી છે. અનેક દર્દીઓ દિવ્યાંગતા લાભો તથા અન્ય સામાજિક સુરક્ષા યોજનાઓ માટે પણ પાત્ર બને છે. ડૉ. ઈટાલિયાએ જણાવ્યું કે જાગૃતિ આ સમગ્ર અભિયાનની સફળતાનો સૌથી મહત્વપૂર્ણ આધારસ્તંભ છે. તેમણે દર્દીઓ અને તેમના પરિવારજનોને આરોગ્યકર્મીઓ તથા સિકલ સેલ કાઉન્સેલરો સાથે સતત સંપર્કમાં રહેવા, નિયમિત અનુસરણ કરાવવા અને સરકાર દ્વારા ઉપલબ્ધ તમામ સેવાઓનો સંપૂર્ણ લાભ લેવા અપીલ કરી હતી. ભવિષ્ય તરફ નજર કરતાં નિષ્ણાતો માને છે કે હવે નિવારણને વધુ કેન્દ્રસ્થાને લાવવાની જરૂર છે. ઈન-વિટ્રો ફર્ટિલાઈઝેશન (IVF) અને પ્રિ-ઈમ્પ્લાન્ટેશન જિનેટિક ડાયગ્નોસિસ (PGD) જેવી આધુનિક પ્રજનન ટેક્નોલોજી ઉચ્ચ જોખમ ધરાવતા દંપતિઓને ગંભીર આનુવંશિક રક્તરોગોથી મુક્ત સ્વસ્થ સંતાન મેળવવાની તક આપે છે. આ ટેક્નોલોજી વધુ સુલભ અને સસ્તી બને તો ભવિષ્યમાં સિકલ સેલ રોગ અને થેલેસેમિયાના ભારમાં નોંધપાત્ર ઘટાડો શક્ય બની શકે. આ ક્ષેત્રમાં સંશોધન પણ ઝડપથી આગળ વધી રહ્યું છે. નવી દવાઓના વિકાસ સાથે સાથે સ્ટેમ સેલ ટ્રાન્સપ્લાન્ટેશન, બોન મેરો ટ્રાન્સપ્લાન્ટેશન અને જિન એડિટિંગ જેવી અદ્યતન સારવાર પદ્ધતિઓ દર્દીઓ માટે નવી આશાનું કિરણ બની રહી છે. રાષ્ટ્રીય કાર્યક્રમના તાજેતરના આંકડાઓ દર્શાવે છે કે દેશમાં સિકલ સેલના વધુ પ્રભાવ ધરાવતા રાજ્યોમાં અત્યાર સુધી ૭ કરોડથી વધુ લોકોની તપાસ કરવામાં આવી છે. તેમાં ૨.૪૬ લાખથી વધુ સિકલ સેલ રોગગ્રસ્ત દર્દીઓ અને ૨૦ લાખથી વધુ સિકલ સેલ ટ્રેઈટ ધરાવતા વ્યક્તિઓની ઓળખ થઈ છે. આ આંકડાઓ સમસ્યાના વ્યાપને દર્શાવે છે અને સતત સ્ક્રીનિંગ, કાઉન્સેલિંગ તથા સારવારની આવશ્યકતા પર ભાર મૂકે છે. ડૉ. ઈટાલિયાએ આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી, નીતિનિર્માતાઓ, આઈ.એ.એસ. અધિકારીઓ, ICMRના વૈજ્ઞાનિકો, ગુજરાત ટ્રાઈબલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ, આરોગ્યકર્મીઓ, સિકલ સેલ કાઉન્સેલરો, સામાજિક સંસ્થાઓ અને સૌથી મહત્વપૂર્ણ એવા દર્દીઓ તથા તેમના પરિવારજનોના યોગદાનની પ્રશંસા કરી હતી. ભારત સિકલ સેલ રોગને જાહેર આરોગ્યની મોટી સમસ્યા તરીકે દૂર કરવાની દિશામાં આગળ વધી રહ્યું છે. નિષ્ણાતોનું માનવું છે કે અંતિમ લક્ષ્ય માત્ર સારવાર પૂરતું મર્યાદિત નથી; પરંતુ દરેક બાળકને સ્વસ્થ જીવનનો અધિકાર મળે, દરેક દર્દીને સમયસર અને કરુણાભરેલી સારવાર પ્રાપ્ત થાય અને દરેક પરિવાર આશા તથા ગૌરવ સાથે ભવિષ્ય તરફ જોઈ શકે તે સુનિશ્ચિત કરવાનું છે.

# વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં ગરીબ કલ્યાણ અને સર્વાંગી વિકાસને મળ્યું છે નવું બળ:- પ્રભારી મંત્રીશ્રી કમલેશભાઈ પટેલ

## બનાસકાંઠા પ્રભારી મંત્રીશ્રી કમલેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને અંબાજી ખાતે જન કલ્યાણ શિબિર યોજાઈ







## મંત્રીશ્રીના હસ્તે લાભાર્થી સહાય વિતરણ સાથે અંબાજીમાં જન કલ્યાણ શિબિરમાં નાગરિકોએ એક જ સ્થળે મેળવ્યો યોજનાઓનો લાભ

કમલમ્,પાલનપુર

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિવંત નેતૃત્વમાં કેન્દ્ર સરકારના સફળ ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે "૧૨ વર્ષ વિશ્વાસના, વિકાસના અને જનકલ્યાણના" અભિયાન અંતર્ગત બનાસકાંઠા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આગામી ૨૧ જૂન, ૨૦૨૬ દરમિયાન વિવિધ જનકલ્યાણલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યુ છે. આ અભિયાનના ભાગરૂપે અંબાજી ગ્રામ પંચાયત સંચાલિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા ખાતે બનાસકાંઠા જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી કમલેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને જન કલ્યાણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રભારી મંત્રીશ્રી કમલેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં છેલ્લા ૨૫ વર્ષ દરમિયાન ગુજરાતના વિકાસને નવી દિશા મળી છે. સમાજના છેવાડાના વ્યક્તિ સુધી સરકારની યોજનાઓનો લાભ પહોંચે તે માટે અનેક કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. એક સમય એવો હતો જ્યારે ગ્રામ્ય વિસ્તારોમાં વીજળી સહિતની પાયાની સુવિધાઓનો અભાવ હતો, પરંતુ જ્યોતિગ્રામ યોજના દ્વારા ગામડાંઓમાં ૨૪ કલાક વીજ પુરવઠો સુનિશ્ચિત કરવામાં આવ્યો છે. સાથે જ ૧૦૮ ઈમરજન્સી સેવા જેવી વ્યવસ્થાઓએ આરોગ્યક્ષેત્રે નાગરિકોને સમયસર સારવાર ઉપલબ્ધ કરાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. તેમણે જણાવ્યું હતું કે, ગુજરાત સેવા અને સદાવ્રતની પરંપરા ધરાવતી ધરતી છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં કોરોના મહામારી દરમિયાન કેન્દ્ર સરકારે અન્ન સુરક્ષા યોજના હેઠળ દેશના કરોડો નાગરિકોને મફત અનાજ પહોંચાડીને માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. આજે પણ દેશના આશરે ૮૧ કરોડ લોકોને દર મહિને મફત રાશન ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યું છે. ઉજ્જ્વલા યોજના હેઠળ ૧૧ કરોડથી વધુ ગેસ કનેક્શન આપવામાં આવ્યા છે, જ્યારે આયુષ્માન ભારત યોજના દ્વારા જરૂરિયાતમંદ પરિવારોને રૂ. ૧૦ લાખ સુધીની મફત આરોગ્યસેવાની સુવિધા ઉપલબ્ધ થઈ છે. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સામાન્ય પરિવારમાંથી ઊભરીને દેશના સર્વોચ્ચ પદ સુધીની યાત્રા કરી છે અને દરેક વર્ગના લોકોની જરૂરિયાતોને સમજીને જનહિતમાં નિર્ણયો લીધા છે. દેશમાંથી ગરીબી ઘટાડવા, સરહદોની સુરક્ષા મજબૂત બનાવવા, કલમ ૩૭૦ દૂર કરવા, કોરોના વેક્સિનના ઉત્પાદન અને વૈશ્વિક સ્તરે માનવસેવાના કાર્યો સહિત અનેક ઐતિહાસિક નિર્ણયો લેવામાં આવ્યા છે. લખપતિ દીદી યોજના, મહિલા સશક્તિકરણ, ખેડૂતો માટે કિસાન સન્માન નિધિ યોજના તેમજ જળસંચય અને વૃક્ષારોપણ જેવા ક્ષેત્રોમાં પણ નોંધપાત્ર કામગીરી કરવામાં આવી છે. તેમણે ઉમેર્યું હતું કે નર્મદા યોજનાના માધ્યમથી ગુજરાતના અંતરિયાળ વિસ્તારો સુધી પાણી પહોંચાડવામાં સફળતા મળી છે અને ખેડૂતોના કલ્યાણ માટે અનેક યોજનાઓ અમલમાં છે. કાર્યક્રમ દરમિયાન મંત્રીશ્રી તથા અન્ય મહાનુભાવોના હસ્તે વિવિધ યોજનાઓના લાભાર્થીઓને સહાય અને પ્રમાણપત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું. નાગરિકોને એક જ સ્થળે વિવિધ સરકારી સેવાઓ અને યોજનાઓની માહિતી મળી રહે તે માટે જિલ્લા વહીવટી તંત્રના વિવિધ વિભાગો દ્વારા માહિતી અને સેવા સ્ટોલ ઊભા કરવામાં આવ્યા હતા. મંત્રીશ્રીએ સ્ટોલની મુલાકાત લઈને કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું તેમજ લાભાર્થીઓ સાથે સંવાદ પણ સાધ્યો હતો. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી વસંતભાઈ પુરોહિતે જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીના ૧૨ વર્ષના કાર્યકાળ દરમિયાન ગરીબ, ખેડૂતો, મહિલાઓ, યુવાનો અને વંચિત વર્ગોના કલ્યાણ માટે અનેક યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. આયુષ્માન ભારત યોજના દ્વારા નાગરિકોને આરોગ્ય સુરક્ષાનું મજબૂત કવચ મળ્યું છે, જ્યારે ૧૦૮ જેવી સેવાઓએ આરોગ્ય વ્યવસ્થાને વધુ સુલભ અને અસરકારક બનાવી છે. વિકાસ અને જનકલ્યાણના આ પ્રયાસોથી સામાન્ય નાગરિકના જીવનમાં ગુણાત્મક પરિવર્તન આવ્યું છે. આ પ્રસંગે રાજ્યસભાના સાંસદશ્રી બાબુભાઈ દેસાઈ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી એમ. જે. દવે, દાંતા મદદનીશ કલેક્ટરશ્રી હરિની કે. આર., અંબાજી ગ્રામ પંચાયતના સરપંચશ્રી કલ્પનાબેન દવે, અગ્રણીશ્રી રસિકભાઈ, શ્રી અભિષેકભાઈ જૈન, શ્રી દેવેન્દ્રભાઈ વ્યાસ, શ્રી નરેશભાઈ દેસાઈ, શ્રી નિલેશભાઈ બુંબડિયા સહિતના મહાનુભાવો, વિવિધ વિભાગોના અધિકારીશ્રીઓ, કર્મચારીઓ, મોટી સંખ્યામાં નાગરિકો તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

